# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-૦૧** **તા.૪.૧૦.૨૦૧૭**

**'દિન-૫'**

## "ગુજરાત ગૌરવ યાત્રા"

**'હું છું વિકાસ, હું છું ગુજરાત'**

**'૧ થી ૧૫ ઓક્ટોબર'**

-----------

**આવતીકાલે ગુજરાત ગૌરવ યાત્રા, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જીલ્લામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં મધ્ય ગુજરાતના વડોદરા, આણંદ અને ખેડા જીલ્લામાં પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.**

-----------

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે ગુજરાત ગૌરવ યાત્રા, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જીલ્લામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં મધ્ય ગુજરાતના વડોદરા, આણંદ અને ખેડા જીલ્લામાં પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી તથા ભાવનગર જીલ્લામાં ૬ વિધાનસભા ક્ષેત્રોમાં ૨૦૪ કિલોમીટર અંતર કાપશે, તે દરમ્યાન રાજુલા, મહુવા, તળાજા, પાલીતાણા અને શિહોર ખાતે જાહેરસભા યોજાશે તથા ૯ સ્થાનો પર સ્વાગત થશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં મધ્ય ગુજરાતના વડોદરા, આણંદ અને ખેડા જીલ્લામાં ૬ વિધાનસભા ક્ષેત્રોમાં ૧૪૩ કિલોમીટર અંતર કાપી સાવલી, ઠાસરા, કપડવંજ, મહુધા અને નડીયાદ ખાતે જાહેરસભા યોજશે તથા યાત્રાનું ૧૧ સ્થાનો પર સ્વાગત અને પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

(ડૉ. હર્ષદ પટેલ)
**કન્વીનરશ્રી–મીડિયા સેલ**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૪.૧૦.૨૦૧૭

# સમરસ સમાજ નિર્માણ થકી ગુજરાતની અવિરત વિકાસયાત્રા

---------

# જન જનના જીવનમાં સરકારે પ્રગતિના પ્રાણ પૂર્યા

--------

ભાજપા અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ તેમજ રાજ્યસભાના સાંસદ શ્રી શંભુનાથજી ટુંડીયા અને અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ શ્રી ડૉ. કિરીટ સોલંકીએ ગુજરાત રાજ્યની મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં કાર્યરત સંવેદનશીલ અને નિર્ણાયક સરકારના સમરસ સમાજ નિર્માણ કરવા માટેના અથાગ પ્રયાસો અને નિર્ણયોને આવકાર આપી સરકારને અભિનંદન આપ્યા છે.

તેઓશ્રીએ યાદીમાં જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને આણંદ ખાતે અદ્યતન સુવિધા સાથે ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓને સમાવી શકાય તેવા ૧૨ સમરસ છાત્રાલય નિર્માણ કરવાનો સંકલ્પ કરીને શૈક્ષણિક ક્રાંતિ જરૂરિયાતમંદ પરિવારોના જીવનમાં લાવવાનો પારદર્શક ઐતિહાસિક નિર્ણય કર્યો છે. કુંવરબાઇનું મામેરું યોજનાનો લાભ એક દિકરીને બદલે બે દિકરીઓ હોય તેને પણ આપવાનો નિર્ણય કર્યો છે. જે સમાજમાં ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ના રાષ્ટ્રવ્યાપી અભિગમને વેગ આપનારો ગણાવ્યો છે. ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને ઇલર્નીંગ પ્રોજેક્ટ, આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો નિર્ણય સમાજહિતમાં લીધો છે. આ ઉપરાંત અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા આપવામાં આવતા જુદા જુદા ૬ એવોર્ડની રકમ બમણી કરવાનો નિર્ણય કર્યો છે.

શ્રી શંભુનાથજી ટુંડીયા અને ડૉ. કિરીટભાઇ સોલંકીએ અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું હતું કે, વર્ષોથી કોંગ્રેસ પાર્ટીએ જરૂરિયાતમંદ પરિવારોને મતબેંક તરીકે જ જોયા જ્યારે ભાજપા માનવ તરીકે જોઇને રાજ્ય-રાષ્ટ્રનો સર્વાંગિણ વિકાસ થાય તે નીતિ અખત્યાર કરીને રાજકિય ક્ષેત્રે કાર્ય કરી રહી છે. ભાજપાની ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ’’ સંકલ્પ અને કાર્ય યોજનાએ જન જનના જીવનમાં પ્રગતિના પ્રાણ પૂર્યા છે.

તેઓશ્રીએ અંતમાં જણાવ્યું હતું કે, રાજ્યની નિર્ણાયક સરકારે વંચિતોને આવાસ મળે, આદર્શ નિવાસી શાળાઓ મળે, છોટાઉદેપુર અને બોટાદ ખાતે ડૉક્ટર બાબા સાહેબ આંબેડકર ભવન બને તે માટે નિર્ણય, વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તાલીમના વર્ગો ખોલ્યા છે. સરકાર એ સર્વાંગિણ વિકાસનો માર્ગ અપનાવી કાર્ય કરી રહી છે. સરકાર સૌ સમાજમાં સ્વીકૃત બની છે અને રાજ્ય પ્રગતિ કરી રહ્યું છે તે નકારાત્મક વિચારધારાવાળાને ખૂંચે છે, જે દુઃખદ્ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-૦૩** **તા.૪.૧૦.૨૦૧૭**

**''ગુજરાત ગૌરવ યાત્રા'' 'કરમસદ' 'દિવસ-૪'**
**'હું છું વિકાસ , હું છું ગુજરાત'**

**મધ્ય ઝોનમાં ગુજરાત ગૌરવ યાત્રાને મળી રહેલો અભૂતપૂર્વ આવકાર અને પ્રતિસાદ**

------------

**આ યાત્રા શક્તિપ્રદર્શન માટે નહિ, પરંતુ પ્રજાના શક્તિદર્શન અને સંવેદનાદર્શન માટેની છે, બે દાયકાના ભાજપા શાસનમાં થયેલા વિકાસના અભૂતપૂર્વ કાર્યો પ્રજાના ચરણે મુકવાનો નમ્ર પ્રયાસ છે.**

------------

**શ્રી નરેન્દ્રભાઇ મોદી કમળ અને વિકાસમાં પ્રજાએ મુકેલા વિશ્વાસને કારણે ૨૦૧૭ની ચુંટણીમાં ૧૫૦ થી વધુ કમળ અવશ્ય ખીલશે. - શ્રી નીતિનભાઈ પટેલ**

------------

કરમસદથી નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં પ્રારંભ થયેલી ગુજરાત ગૌરવ યાત્રા આજે ચોથા દિવસે પંચમહાલ, મહિસાગર, ખેડા અને વડોદરા જીલ્લાઓમાંથી પસાર થઇ રહી છે. ઠેર-ઠેર વિવિધ સમાજના લોકો અને સંગઠન દ્વારા ગૌરવ યાત્રાનું પરંપરાગત શૈલી અને લોકનૃત્યથી ભાવભીનું સ્વાગત થઇ રહ્યું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જાહેરસભાઓને સંબોધતા જણાવ્યું હતું ગુજરાત ગૌરવયાત્રાનું ઠેર ઠેર સન્માન અને સ્વાગતથી એ બાબત સુપેરે પ્રતિબિંબિત થાય છે કે ભાજપની વિકાસ માટેની કટીબદ્ધતાને કારણે અને લોક હૃદયમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કમળમાં મુકેલા વિશ્વાસને કારણે વિશાળ જનસમુદાયનો અપાર પ્રેમ સંપાદિત થયો છે. સમગ્ર વિશ્વમાં જયારે લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સૌ વિકાસપુરુષ તરીકે નિહાળી રહ્યા છે ત્યારે ગુજરાતમાં જે વિકાસની કેડી શ્રી નરેન્દ્રભાઈ મોદી કંડારી ગયા છે તેની ઉપર આગળ વધીને ગુજરાત એક વિકસિત રાજ્ય બન્યુ છે તેનુ પ્રત્યેક ગુજરાતીને ગૌરવ છે. શ્રી નીતીનભાઇ પટેલે કોંગ્રેસને આડેહાથે લેતા જણાવ્યું હતુ કે, આઝાદી બાદ કોંગ્રેસે ગરીબી હટાવાના મુદ્દે ચુંટાઈને હંમેશા ગરીબ, આદિવાસી અને દલીતોનું શોષણ જ કર્યું છે. પ્રજા આવી કોંગ્રેસને સારી રીતે ઓળખી ગઇ છે.

કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં ખેડૂત, ખેતી, ગામડુ, મહિલા, યુવાનો વિકાસની ગાથાથી જોજનો દુર હતા. ૧૯૯૫ પહેલા ગુજરાતમાં હંમેશા અજંપાભરી સ્થિતિ રહેતી હતી. વારે-તહેવારે કરફ્યુ લાગતો હતો. તાજીયા અને રથયાત્રા શાંતિથી પસાર થઇ શકતા ન હતા. ભાજપાનું શાસન પછી ગુજરાતમાં સુખ-શાંતિ-સલામતિ અને વિકાસ સ્થાયી થયા છે. કોંગ્રેસના કુકર્મો આજના ૨૫ વર્ષના નવયુવાનોએ ગુજરાતમાં જોયા નથી. તે તેમનું સદભાગ્ય છે. રાષ્ટ્રવાદ અને માનવતાવાદી અભિગમ એ ભાજપાના પ્રાણ છે.

ધારાસભ્યશ્રી જેઠાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે, ૨૦ કરોડથી વધુ રકમ પ્રજાની માળખાકીય સુવિધાઓ માટે ખર્ચીને શહેરામાં વિકાસના માર્ગે અનેક યોજનાઓ રાજ્યમાં શ્રી વિજયભાઈ રૂપાણી અને નીતીનભાઈ પટેલ અને કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવળી સરકારે પ્રજા કલ્યાણ માટે મૂકી છે, તેના પરિણામ સ્વરૂપ પ્રજા હૃદયમાં ભારતીય જનતા પાર્ટીએ એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. મામલતદાર ઓફીસનું કામ, તાલુકા પંચાયતનું કામ પણ ટુંક સમયમાં ચાલુ થશે. ગોધરાનો વિકાસ કોંગ્રેસના કારણે જ અટકેલો રહ્યો છે.

શ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં ''સૌના સાથ સૌના વિકાસ''ના મંત્ર સાથે છેવાડાના માનવીની અમે ચિતા કરી છે. પ્રજાકલ્યાણ એ જ ભાજપાની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. જે ભાજપાની વિવિધ યોજનાઓમાં જેમ કે – ૧૦૮ એમ્બ્યુલન્સ યોજના દ્વારા રાજ્ય સરકારની આરોગ્ય માટેની ચિંતા પ્રતિબિંબિત થાય છે. મા અમૃતમ યોજના – મા વાત્સલ્ય યોજના – ખેડૂતોને ૧ ટકાના દરે ધિરાણ - ૨૪ કલાક વીજળી – પાકા ડામરના રોડ માટે મુખ્યમંત્રી સડક યોજના હેઠળ ૧૦ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ભાજપાની સરકાર એટલે ગરીબ, દલીત, ખેડૂત, આદિવાસી, યુવા, મહિલાઓ અને ગામડાના ઉત્થાન માટે સતત કાર્યરત લોકોની સરકાર તેમ શ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું

(ડૉ. હર્ષદ પટેલ)
**કન્વીનરશ્રી–મીડિયા સેલ**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૪** **તા.૪.૧૦.૨૦૧૭**

**"ગુજરાત ગૌરવ યાત્રા"**
**સૌરાષ્ટ્ર 'દિવસ-૩'**
**'હું છું વિકાસ, હું છું ગુજરાત'**

------------

**રાષ્ટ્રવાદ અને માનવતાવાદી અભિગમ દ્વારા જનતા-જનાર્દનની સેવા એ ભાજપાના સંકલ્પ સુત્રો છે. વિકાસ હવે જોશીલો, વેગીલો, અને ઝંઝાવાદી બન્યો છે, ભ્રષ્ટાચાર જાહેરજીવનમાંથી અદ્રશ્ય થયો છે એટલે કોંગ્રેસ રઘવાઇ બની છે. – શ્રી વિજયભાઇ રૂપાણી**

------------

**જે પોતાના ધારાસભ્યોને ન સાચવી શકતા હોય તે ગુજરાતને શું સાચવવાના હતા? – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

જુનાગઢથી પ્રસ્થાન થયેલી ગુજરાત ગૌરવ યાત્રાનું વંથલી, માણેકવાડા, કેસોદ, માળીયા, ગડુ, વેરાવળ, સોમનાથ, પ્રાચી, કોડીનાર અને ઉના સહિત ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ફટાકડા, ઢોલ-નગારા, પુષ્પવર્ષા, ખેતિના પાક, તથા ખેતિને લગતા ઓજારો સ્મૃતિચિહ્ન રૂપે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીને આપીને પ્રજાજનો દ્વારા તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. યુવા મોરચાના યુવાનોએ બાઇક રેલી દ્વારા ઠેર-ઠેર યાત્રાને ભવ્ય આવકાર આપ્યો હતો.

ગૌરવ યાત્રામાં અનેક સ્થળોએ પ્રજાજનોને સંબોધતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ પરિવારવાદમાં માને છે. જ્યારે ભાજપા રાષ્ટ્રવાદમાં માને છે. કોંગ્રસે જે સાઇઠ વર્ષમાં ન કર્યુ તે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ત્રણ વર્ષમાં કરી બતાવ્યું છે. 'ઘરનું ઘર' ના નામે ગુજરાતની જનતાને ભોળવીને ફોમ ભરાવનારી કોંગ્રેસ કયા મોઢે વિકાસની વાતો કરે છે? તેવો વેધક પ્રશ્ન શ્રીવિજયભાઇ રૂપાણીએ કર્યો હતો. મગફળીની જેમ જરૂર પડે કપાસ પણ ટેકાના ભાવથી ખરીદાશે. કોંગ્રેસ માટે વિકાસ એ મજાક છે, જ્યારે અમારા માટે વિકાસ એ મીજાજ છે. વિકાસ હવે જોશીલો, વેગીલો, અને ઝંઝાવાદી બન્યો છે અને ભ્રષ્ટાચાર સદંતર નાબુદ થયો છે. જેને કારણે કોંગ્રેસ રઘવાઇ બની છે. વિકાસની મજાક ઉડાવનાર કોંગ્રેસને ગુજરાતની જનતા માફ નહી કરે.

વિવિધ સ્થળોએ તેમની આગવી શૈલીમાં પ્રજાજનો તથા કાર્યકરોને સંબોધતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, એ કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને સાચવી શકી નથી, તે ગુજરાતને શું સાચવવાની હતી? કોંગ્રેસે તેના શાસન દરમ્યાન ગુજરાતને અશાંતિ-અસલામતિ- અને ભ્રષ્ટાચાર પુરા પાડવા સિવાય બીજુ કાઇ કર્યુ નથી. જ્યારે ભાજપે છેવાડાના માનવીના ઘેર ગેસ સીલીન્ડર, ૨૪ કલાક વીજળી, પોતાનું ઘર, નળમાં નર્મદાનું પાણી અને ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા જરૂરીયાતમંદોને આર્થિક સહાય તથા વિવિધ ક્ષેત્રે રોજગારી પૂરી પાડી છે. છેલ્લાના ત્રણ વર્ષના શાસનમાં શ્રી નરેન્દ્રભાઇએ એકપણ દિવસની રજા લીધી નથી. શ્રી નરેન્દ્રભાઇ મત માટે નહી પરંતુ દેશને પરમવૈભવના સ્થાને પહોચાડવા માટે સાહસિક નિર્ણય લે છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૫** **તા.૪.૧૦.૨૦૧૭**

**"ગુજરાત ગૌરવ યાત્રા"**
**સૌરાષ્ટ્ર 'દિવસ-૩'**
**'હું છું વિકાસ , હું છું ગુજરાત'**

**પાટીદાર સમાજ સહિત બીન અનામત વર્ગના સમાજ માટે સરકાર દ્વારા રચાયેલ આયોગ અને નિગમની જાહેરાતને વધાવતું પ્રદેશ ભાજપા સંગઠન**

------------

**સર્વસમાવેશક સર્વાંગિણ વિકાસ ભાજપાનો સંકલ્પ રહ્યો છે અને તે દિશામાં રાજ્યની ભાજપા સરકાર દ્વારા લેવાયેલ સ્તુત્ય નિર્ણય અભિનંદન તથા પ્રશંસાને પાત્ર છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

ગઇકાલે ગુજરાતની સહૃદયી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં ભાજપા સરકારે પાટીદાર સમાજ સહિત ૫૮ જેટલા બીન અનામત વર્ગના સમાજ માટે આયોગ અને નિગમની રચના કરવાનો જે સ્તુત્ય નિર્ણય લીધો તેને પ્રદેશ ભાજપા સંગઠન વતી પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ સહર્ષ આવકારીને રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

તેઓએ બીન અનામત વર્ગ માટે આયોગ તથા નિગમની રચના કરીને તથા તેને માટે ૨૦૦ કરોડ રૂપિયાની તુરંત જોગવાઇ કરીને ભાજપા સરકારે સમાજના તમામ વર્ગને સાથે રાખીને સમરસતાના વાતાવરણમાં વિકાસ માટે ઉઠાવેલા આ પ્રશંસનીય નિર્ણયને ગુજરાતની શાણી તથા સમજુ પ્રજા અવશ્ય વધાવી લેશે તેમ પ્રદેશ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું. રોજગારીના અવસરો માટે આર્થિક સહાય, ખેતિ માટે આર્થિક સહાય, ઉચ્ચ અભ્યાસ સહિત વિદેશમાં વધુ અભ્યાસ માટે આર્થિક સહાય તથા સામાજીક ઉત્થાનના નવતર આયોજનો માટે આયોગ તથા નિગમની કરાયેલી રચના ભાજપાના સકારાત્મક દ્રષ્ટિકોણને સુપેરે પ્રતિબિંબિત કરે છે. રાજ્ય સરકાર હસ્તકના પાટીદાર યુવકો પરના કેસો પાછા ખેંચવાની સંવેદનાસભર જાહેરાતને પણ પ્રદેશ પ્રમુખશ્રીએ વધાવી હતી. પાટીદાર આંદોલન દરમ્યાન પોલીસ દમન અંગે તપાસ માટે જસ્ટીસ પુંજના વડપણ હેઠળ પંચની રચનાની જાહેરાતને પણ પ્રદેશ પ્રમુખશ્રીએ વધાવી હતી. આગામી સમયમાં બીન અનામત વર્ગની ૫૮ જ્ઞાતિના પરિવારો, વિદ્યાર્થીઓ, ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ, શ્રમિકો સૌને માટે શૈક્ષણિક તથા અર્થોપાર્જન માટેની તકોના દ્વાર ઉપરોક્ત નિર્ણયોને લીધે ઉઘડી જશે તેમ પ્રદેશ પ્રમુખશ્રીએ જણાવ્યુ હતું.

છેલ્લા બે દાયકાના ભાજપાના શાસનમાં "સૌનો સાથ સૌનો વિકાસ" મંત્રને સાર્થક કરીને ભાજપાએ હંમેશા સર્વસમાવેશક સર્વલાભદાયી સમરસ સામાજીક સંવાદિતાની રાજનીતિ કરી છે. યેન કેન પ્રકારેણ ગુજરાતના સમાજ જીવનને ડહોળવાના કોંગ્રેસના મલીન ઇરાદાઓને ગુજરાતની જનતા આગામી સમયમાં જડબાતોડ જવાબ આપશે તેમ પ્રદેશ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
**કન્વીનરશ્રી–મીડિયા સેલ**